# ગુરુ વચન - ગુરુ વરદાન

અવધૂત તો કાલે દૂર ઉપડી જાય છે. પરંતુ પ્રેમીઓની પાસેથી એ તલમાત્ર પણ દૂર નથી એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે.

અવધૂતની સાથે જેણે પાંચ મિનિટ શુદ્ધ ભાવથી ગાળી છે તેને પરમાત્મા કદી વિસરનાર નથી. તમારી સત્યનિષ્ઠા હશે તો પથ્થરમાં દેવત્વ પ્રગટી મહદ્ભયથી તમને તારશે, એમાં જરાય શંકા નથી.

સ્થૂળ શરીર ભલે અહીં રહ્યું પણ સૂક્ષ્મ ત્યાં જ છે અને દરેકની યોગ્ય સંભાળ લે છે. માટે બિલકુલ ગભરાવું નહીં કે કોઈને ગભરાવા દેવું નહીં.

જીવનના ઉત્તરાર્ધમાં તેમણે હરિદ્વાર તરફ પ્રયાણ કર્યું. ભક્તો તેઓશ્રીને પૂછતા, "બાપજી, હરિદ્વારથી ક્યારે પાછા આવશો?" રંગઅવધૂતજીએ જવાબ આપ્યો, "ભલા, હરિનાં દ્વારે ગયેલો કોઈ પાછો આવ્યાનું સાંભળ્યું છે ?"

**- પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ**

---

"મારા જે ભાવિક સેવકો છે અને મને હંમેશા અનન્ય ભાવે ભજે છે તેમને માટે હું કળિકાળમાં પણ અહીં હંમેશ માટે હાજરા હજૂર છું. મારા કહેવાનો મર્મ સમજો. આ મારું સત્ય વચન છે. તમે જરા પણ ચિંતા ન કરશો. હું તમને એકવાર નહીં પણ ત્રણવાર આશ્વાસન વચન કહું છું કે હું ગાણગાપુરમાં રહીને ભક્તોનું હિત કરીશ, કરીશ અને કરીશ જ. તમે એમાં શંકો કરશો નહિ. જે ભક્તો મારામાં આસક્ત છે અને હંમેશા મારી સાથે જોડાયેલા છે તે મને પ્રિય છે અને એમનાં કાર્યો તરત જ સફળ થશે.

હે શિષ્યો ! તમે બધા અંતરમાં ભક્તિ રાખીને પોતપોતાના ઘરમાં મારા ભજનમાં રચ્યાપચ્યા રહો. એ તમને ભોગ અને મોક્ષ બંને આપશે."

**- શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ**

---

"પૂર્વ જન્મોમાં મેં જે કર્મો કર્યા છે તેના પરિણામે થતા વ્યાધિઓ મારા આ શરીરમાં પ્રવેશ કરો અને મને દુઃખોની પીડા આપો અથવા તેમાંથી મુક્તિ આપો. હે દેવ ! મારો ફરીથી જન્મ ન થાય - તે માટેની તમે મારા ઉપર કૃપા



કરો. એટલે જ કહું છું કે કર્મોનું ઋણ મારા ઉપર ન ચઢો. બધા જ પૂર્વસંચિત કર્મોના વ્યાધિઓ અહીં (મારા દેહમાં) હાજર થાય. હું તે વિષ્ણુના પરમપદમાં ઋણ વગરનો થઈને જવા ઈચ્છું છું."

"તમે બધા 'દત્ત દત્ત' બોલ્યા કરો. મને ઘણો આનંદ છે." એવું બોલીને એ સ્વૈરવિહારી શ્રી ગુરુવર ખડખડાટ હસી પડ્યા.

**- શ્રી વાસુદેવાનંદ સ્વામી મહારાજ**

---

શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુની અમૃતમયી દૃષ્ટિનો અને મહિમાનો પાર નથી. આસો વદ બારસ (વાઘ બારસ) ને હસ્ત નક્ષત્ર (ઋક્ષ) હતું. એ સમયે કૃષ્ણા નદીના જળમાં પ્રભુ કહેવા પૂરતું લીન (અદશ્ય) થયા. શ્રીપાદ શ્રીવલ્લભ હંમેશા અદશ્ય રહે છે પરંતુ જ્ઞાની એને જોઈ શકે છે અને ભાવના રાખનારને આજે પણ દર્શન આપે છે. "હું પણ (શ્રીપાદ શ્રીવલ્લભ) ફરીથી હેતુવશ આ ધરતી પર નરસિંહ (નૃસિંહ) સરસ્વતીના નામથી પૂર્ણ સન્યાસી રૂપે અવતરીશ." આજે પણ જે ભક્તો મનમાં શ્રદ્ધા અને ભક્તિ રાખીને જાય છે તેને ખુલ્લી આંખે એમનાં પુનિત દર્શન થાય છે. લોકોનું કલ્યાણ કરવાના હેતુથી એણે બીજો અવતાર ધારણ કર્યો છતાં કુરવપુરમાં અદશ્ય રહીને આજે પણ ભક્તોનો ઉદ્ધાર કરે છે.

**- શ્રી રંગ અવધૂત મહારાજ (શ્રી ગુરુલીલામૃતનું ગદ્યાંતરમાંથી - શ્રી કુલિનભાઈ ઉપાધ્યાય)**

---

"જાતે જાતે બોલે સ્વામી, હમ ગયા નહીં જિંદા હૈ ।
મેરી તરફ તુમ ધ્યાન સે દેખો, ઈમ્તિહાન તુમ લે કે દેખો ॥
મેરી શરણમેં આકે દેખો, મેરી દુઆ અપનાકે દેખો ॥"

મહા સમાધિ લેવી વખતે શ્રી સ્વામી સમર્થે (અક્કલકોટનાં સ્વામી સમર્થ) કહ્યું, "હું ક્યાંય જતો નથી. મારું અસ્તિત્વ અહીં અનંતકાળ સુધી રહેશે. મારી તરફ ધ્યાનથી જુઓ. મારી પરખ કરો, મારે શરણે આવો અને મારી કૃપાનો અનુભવ કરો."

**ડૉ. શ્રી મુકુંદ હનુમંતે (અનુવાદક : શ્રી કૌશિકભાઈ ઓઝા)**
**શ્રી સ્વામી સમર્થ મહારાજ, અક્કલકોટ - ભગવત ચૈતન્યનું શલાકા દર્શન**